# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી


ફોન (૦૭૯) ૨૩૨૫૪૫૦૬(ઓફીસ), ૨૩૨૫૪૩૦૭(અંગત), ૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

ગુજરાત રાજ્ય

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડો. જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.
ગાંધીનગર-૩૮૨૦૧૦


નંબર:-હિતિનિ/ટીસી/ફા.નં.૧૨૬/અધિકારપત્ર/ ૮૭૫૨-૮૭૭૮ તારીખ: ૧૩/૦૯/૨૦૦૭

**વિષય:- પગાર અને હિસાબી અધિકારીની કચેરી તથા જિલ્લા તિજોરી કચેરીઓમાંથી નાણાં વિભાગના અધિકારપત્ર સિવાય ચૂકવણા કરવાની પ્રથામાં છૂટછાટ આપવા બાબત.**

**વંચાણે લીધો:- નાણાં વિભાગનો તા.૬/૮/૨૦૦૭નો પરિપત્ર નં. અપત્ર/૨૦૦૨/ ૧૩૨૦/ખ.**

<u>પરિપત્ર નંબર: ૨૬ / ૨૦૦૭</u>

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓ અને પગાર અને હિસાબી અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નાણાં વિભાગના તા.૬/૮/૨૦૦૭ના પરિપત્ર નંબર: અપત્ર /૨૦૦૨/૧૩૨૦/ખ(નકલ સામેલ છે) થી આપેલ સૂચના મુજબ નાણાં વિભાગ પાસેથી અધિકારપત્ર મેળવવાની પ્રવર્તમાન સૂચનાઓમાં **<u>નવ વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીના ફાળાના અને રાજ્ય સરકારના ફાળાની રકમનું ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસીઝ મારફત સરકારી સિક્યોરીટીમાં રોકાણ કરવાના હેતુ માટે રજુ કરાતા બીલોને તારીખવાર ચૂકવણી કરવાની પ્રથામાંથી મુકિત આપવામાં આવેલ છે. તે અનુસાર આ પ્રકારના બીલોની ચૂકવણી માટે અધિકારપત્ર મેળવવાની જરૂરીયાત રહેશે નહી.</u>**

ઉકત બાબતોના બીલ તિજોરી કચેરીમાં રજૂ કરતી વખતે બીલમાં ઉપરોકત બાબતનો સમાવેશ થાય છે. તેવું પ્રમાણપત્ર ઉપાડ અને નિયંત્રણ અધિકારીશ્રીએ આપવાનું રહેશે. ઉપરાંત ગુજરાત તિજોરી નિયમોની જોગવાઈ તેમજ તે અન્વયે નાણાં વિભાગ તરફથી વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો તેમજ પરિપત્રોની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

પેટા તિજોરી કચેરીઓમાં ઉપરોક્ત સૂચનાઓનો અમલ થાય તેવી વ્યવસ્થા કરવી.

બિડાણ: ઉપર મુજબ

નાયબ નિયામક
(તિજોરી નિયંત્રણ)

પ્રતિ,
શ્રીમાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ......................
અને પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર તરફ યોગ્ય કાર્યવાહી અર્થે.

<u>નકલ રવાના:-</u>

- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- સીલેકટ ફાઈલે.

પગાર અને હિસાબી અધિકારીની કચેરીઓ તથા
જિલ્લા તિજોરી કચેરીઓમાંથી તારીખવાર બીલોની
ચુકવણી કરવાની પ્રથામાં છુટછાટ આપવા બાબત

હિસાબી અને તિજોરી
નિયામકની કચેરી
AUG 2007
ઈનવર્ડ નં ....
ગાંધીનગર.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક:- અપત્ર/૨૦૦૨/૧૩૨૦/ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૦૮/૨૦૦૭ - 6 AUG 2007

વંચાણે લીધો :-(૧)તારીખ:-૦૬/૦૩/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક:-અપત્ર/૨૦૦૨/૧૩૨૦/ખ
(૨)તારીખ:-૨૭/૦૯/૨૦૦૬નો પરિપત્ર ક્રમાંક:-અપત્ર/૨૦૦૨/૧૩૨૦/ખ

# પ રિ પ ત્ર

રાજ્યની સાધનોપાય સ્થિતિના યોગ્ય વ્યવસ્થાપન તેમજ તેની તરલતા(Liquidity) જળવાય રહે તે હેતુ માટે મંજૂર થયેલ ગ્રાન્ટના નાણાનાં ઉપાડ ઉપર જરૂરી અંકુશ રાખવાના હેતુથી નાણા વિભાગ પાસેથી અધિકારપત્ર (Authority Letter) મેળવવાની પ્રથા અમલમાં છે. રાજ્ય સરકારની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ રૂ.૧,૦૦,૦૦૦(અંકે રૂ. એક લાખ)સુધીના આયોજન/આયોજન બહારની ગ્રાન્ટના બિલોની ચુકવણી માટે નાણા વિભાગના અધિકાર પત્રની જરૂરિયાત રહેતી નથી. વિભાગ દ્વારા તા. ૬/૦૩/૦૪ ના પરિપત્ર દ્વારા વિવિધ ૨૩(ત્રેવીસ) હેતુઓ માટે રજુ કરાતા બીલોને અધિકાર પત્ર મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. ત્યાર બાદ વિભાગ દ્વારા તા. ૨૭/૦૯/૦૬ ના પરિપત્ર દ્વારા વધુ ૪(ચાર) હેતુઓ માટે રજુ કરાતા બીલોને અધિકાર પત્ર મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

(૨) રાજ્ય સરકારની નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીના ફાળાના અને રાજ્ય સરકારના ફાળાની રકમનુ ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સરવીસીસ મારફત સરકારી સીક્યુરીટીમાં રોકાણ કરવાનુ રહે છે. આ અંગેના બીલોને અધિકાર પત્ર મેળવવામાંથી મુક્તિ આપવા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ, ગાંધીનગરએ કરેલી રજુઆત વિચારણા હેઠળ હતી.

કાળજીપુર્વકની વિચારણા બાદ સરકારે નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીના

ફાયનાન્સીયલ સરવીસીસ(GSFS) મારફત સરકારી સીક્યુરીટીમાં રોકાણ કરવાના હેતુ માટે રજુ કરાતા બીલોને તારીખવાર ચુકવણી કરવાની પ્રથામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરેલ છે. તદનુસાર નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીના ફાળાના અને રાજ્ય સરકારના ફાળાની રકમનુ ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સરવીસીસ મારફત સરકારી સીક્યુરીટીમાં રોકાણ કરવાના હેતુ માટે રજુ કરાતા બીલોની ચુકવણી માટે અધિકાર પત્ર મેળવવાની જરૂયાત રહેશે નહીં..

ઉક્ત બાબતોના બીલ તિજોરીમાં રજુ કરતી વખતે બીલમાં ઉપરોક્ત બાબતનો સમાવેશ થાય છે તેવું પ્રમાણપત્ર ઉપાડ અને નિયંત્રણ અધિકારીશ્રીએ આપવાનું રહેશે. ઉપરાંત ગુજરાત તિજોરી નિયમોની જોગવાઈ તેમજ તે અન્વયે નાણા વિભાગ તરફથી વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો તેમજ પરિપત્રોની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન શ્રીવાસ્તવ)

અધિક સચિવ

નકલ રવાના :-

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર

(૩) માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

(૪) સર્વે માન મંત્રીશ્રીના/સર્વે રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

(૫) સચિવાલયના સર્વે વિભાગો

(૬) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર

- તમામ પગાર અને હિસાબ અધિકારીઓની કચેરીઓ તેમજ જિલ્લા તિજોરી કચેરીઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી સાથે

(૭) નાણા વિભાગના સર્વે અધિકારીઓ સચિવાલય,ગાંધીનગર

(૮) નાણા વિભાગની સર્વે શાખા(નાણા શાખા)સહિત

(૯) નિવાસી [illegible] અધિકારી, અમદાવાદ/ગાંધીનગર